# ગુણવત્તાલક્ષી શિક્ષણ અને સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ

વિષ્ણુભાઈ વી.શ્રીમાળી
વિ.સ.ખિમાણાવાસ પે.કે.શાળા,
તા.વાવ, જિ.બ.કાં.

## ૧. પ્રસ્તાવના

વર્તમાન સમયમાં શિક્ષણની ક્ષિતિજો વિસ્તરી છે. આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં છેવાડાનો માનવી પણ શિક્ષણ પ્રત્યે જાગૃત થયો છે. શિક્ષણની ભૂખ જાગવાને પરિણામે શાળા–મહાશાળા અને કોલેજોના વર્ગ ખંડો વિદ્યાર્થીઓથી ઉભરાવા લાગ્યા છે. ભારત જેવા વિશાળ દેશમાં હજુ ઘણાં ગામડાંઓ એવા છે જયાં શાળાઓમાં પૂરતા વર્ગ ખંડો નથી, પૂરતો શૈક્ષણિક સ્ટાફ નથી, પૂરતી ભૌતિક સુવિધાઓ નથી. આ ઉપરાંત માધ્યમિક શિક્ષણ માટે પૂરતી શાળાઓ નથી પરિણામે બાળકો શિક્ષણ મેળવવા માટે કે સારી શાળાઓમાં શિક્ષણ મળે તે માટે શહેરો તરફ વળ્યા છે. વળી શહેરીકરણના મોહને પરિણામે આપણી શાળાઓના વર્ગખંડો નાના પડવા લાગ્યા છે. સરકારી શાળાઓ કે અનુદાન મેળવતી શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવવા માટે વાલીઓની કતારો જોવા મળે છે. વળી સરકારી શાળાઓની સંખ્યા પણ એટલી નથી કે બધા બાળકોને તેમાં પ્રવેશ મળી શકે આ બધી માંગને પહોંચી વળવા માટે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓનો ઉદય થયો. સમયની માંગને પહોંચી વળવા અને શિક્ષણની દિશામાં આગળ વધવા માટે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓની અગત્યતા ખૂબ મહત્વની છે.

## ૨. સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થા એટલે શું ?

સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થા એટલે એવી સંસ્થા કે જે પોતાના પર આત્મનિર્ભર હોય, સરકાર તરફથી કોઈપણ જાતની નાણાંકીય સહાય મળતી ન હોય અને જેનો તમામ વહીવટ પોતાના હસ્તક હોય.

## ૩. ગુણવત્તાલક્ષી શિક્ષણ એટલે શું ?

ગુણવત્તા એ માનવ સંસ્કૃતિની અભિપ્સા છે. માનવે પોતાના જીવનને આગળ ધપાવવા જે તે ક્ષેત્રને લગતી ગુણવત્તા તેનામાં હોવી આવશ્યક છે. ગુણવત્તા એટલે ઉત્કૃષ્ટતા. શિક્ષણના સંદર્ભમાં જે તે વિષય કે કાર્યમાં નિપુણતા, ચોકસાઈ કે ઉંડાણપૂર્વકની સમજ.

સ્વનિર્ભર સંસ્થાઓમાં ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તે માટે આવી સંસ્થાઓ માત્ર પૈસા બનાવનાર સંસ્થા ન બની રહે પરંતુ એક ઉત્તમ સંસ્થા બને, તેમાથી બહાર પડનાર યુવાધન ઉચ્ચ કોટિ હોય, જે તે ક્ષેત્રમાં નિપુણ બને.

આમીરખાન અભિનિત ફિલ્મ થ્રી ઈડિયટમાં પેલો સંવાદ છે કે

"Follow Exellence and Success Will Chase you."

અર્થાત્ "જે તે ક્ષેત્રમાં નિપુણ બનો. કામીયાબી તો જરૂર પાછળ આવશે."

આમ, સ્વનિર્ભર સંસ્થાઓએ વિદ્યાર્થીઓને નિપુણ બનાવવાનું કાર્ય કરવાનું છે. આ માટે તેમણે ગુણવત્તાલક્ષી શિક્ષણ પૂરું પાડવું જરૂરી છે. આ માટે નીચે પ્રમાણેના પગલાં લેવા જોઈએ.

### ૪. ફી નું યોગ્ય માળખું અને વિદ્યાર્થીઓની વર્ગખંડમાં યોગ્ય સંખ્યા

સ્વનિર્ભર સંસ્થાઓએ ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવા માટે ફીનું યોગ્ય માળખું નકકી કરવું જોઈએ. કેટલીક સંસ્થાઓ દર વર્ષે ફીમાં ધરખમ વધારો કરે છે પરિણામે વાલીઓ તેનો વિરોધ કરે છે. આના પરિણામે સરકારે પણ તેમાં હસ્તક્ષેપ કરવો પડયો છે અને તેમાં કંઈક અંશે સફળતા પણ મળી છે. સ્વનિર્ભર સંસ્થાઓનો અર્થ એવો નથી કે તેમાં માત્ર આર્થિક દષ્ટિએ સધ્ધર માતાપિતાના બાળકો શિક્ષણ મેળવી શકે, વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી ન જાય. શિક્ષક વિદ્યાર્થીનો યોગ્ય રેસિયો જળવાય તે બાબતનું પણ ધ્યાન પણ રાખવું જરૂરી છે.

### ૫. આર્થિક દષ્ટિએ નબળા બાળકોને પ્રવેશ

સ્વનિર્ભર સંસ્થાઓમાં આર્થિક દષ્ટિએ નબળા બાળકોને પણ પ્રવેશ આપવા જરૂરી છે. દા.ત.ધો–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર ગરીબ માતાપિતાનું સંતાન દાકતરી કે ઈજનેરી સરકારી કોલેજમાં પ્રવેશ ન મેળવી શકે તો આવા બાળક માટે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓએ આગળ આવવું જોઈએ અને તેમના માટે શિક્ષણની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

### ૬.શૈક્ષિણક કર્મચારીઓની પસંદગી અને સમાન વેતન

સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓએ પોતાની સંસ્થામાં સારી ગુણવત્તા ધરાવતા, યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા, પોતાના વિષયમાં નિપુણ કર્મચારીની પસંદગી કરવી જોઈએ અને તેને યોગ્ય વેતન પણ આપવું જોઈએ. વળી સમયે સમયે તેના વેતનમાં વધારો પણ કરવો જોઈએ. જેથી તે સંસ્થામાં પોતાનું સર્વસ્વ રેડીને કાર્ય કરી શકે. આવી સંસ્થાઓ કર્મચારીનું શોષણ કરનાર સંસ્થા ન બની રહે તે જરૂરી છે.

### ૭. યોગ્ય ભૌતિક સુવિધાઓથી સજ્જ

સ્વનિર્ભર સંસ્થાઓએ ખરા અર્થમાં ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવા માટે ભૌતિક સુવિધાઓથી સંપન્ન હોવી જોઈએ. જેમ કે પૂરતા વર્ગખંડો, શૈક્ષણિક કર્મચારીઓ માટે બેઠક વ્યવસ્થા, શૈક્ષણિક સાધનો, ઓ.એચ.પી., સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર, લેપટોપ, નકશાઓ વગેરે. મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા, કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, વિજ્ઞાનપ્રયોગ શાળા, પ્રાથનાખંડ, રમતગમતના સાધનો અને મેદાન, છોકરા–છોકરીઓ માટે અલગ સેનિટેશનની વ્યવસ્થા, લેડીઝ રૂમ વગેરે. વર્તમાન સમયમાં આ બધી બાબતોથી જે તે સજ્જ હશે અને વિદ્યાર્થીઓની બધી ભૌતિક સુવિધાનો મહત્તમ ઉપયોગ કરી શકે તે માટે પૂરતું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે તો બહાર પડનાર યુવાધન ખરા અર્થમાં ગુણવત્તાશીલ બનશે બાકી સંસ્થા ભૌતિક સુવિધાઓથી સજ્જ હશે. પરંતુ ધૂળ ખાતી અવસ્થામાં હશે તો તેનો કોઈ અર્થ નથી.

### ૮. શૈક્ષણિક ભાવાવરણ અને યોગ્ય માનવસંબંધો

ભાવાવરણ એ સંસ્થાની આગવી ઓળખ છે. સંસ્થામાં પ્રવેશ કરતાની સાથે તેના વાતાવરણથી પરિચિત થઈ જવાય. પરિણામ જે તે શૈક્ષણિક સંસ્થાઓમાં યોગ્ય ભાવાવરણ જળવાય તો જ બાળકોને યોગ્ય ગુણવત્તા લક્ષી શિક્ષણ મળી રહે. આ માટે જે તે સંસ્થામાં કર્મચારીઓનું પોતાની સંસ્થા પ્રત્યે, પોતાના કાર્ય પ્રત્યે જવાબદારી ભર્યું વર્તન કેળવવું જરૂરી છે. એક બીજા પ્રત્યે સંઘભાવના હોવી જરૂરી છે. કર્મચારીને વિદ્યાર્થી સાથે, વિદ્યાર્થી–વિદ્યાર્થી, આચાર્ય–કર્મચારી, આચાર્ય–વિદ્યાર્થી, આચાર્ય–વાલીસમુદાય આ દરેક વચ્ચે આત્મીયતાપૂર્ણ સંબંધ હોવો જરૂરી છે. આ વ્યવહારો ટકાવવાનું કાર્ય સંસ્થાના વડાએ કરવાનું છે. જો આ શકય બનશે તો વિદ્યાર્થીને યોગ્ય વાતાવરણ મળશે. વાલીઓ પણ સંસ્થાના વિકાસમાં યોગ્ય મદદ કરશે. આમ સ્વનિર્ભર સંસ્થા ખરા અર્થમાં શિક્ષણની ઉત્તમ મિશાલ બની શકશે.

### ૯ . સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન

બાળકોને યોગ્ય શિક્ષણ મળ્યું છે કે કેમ ? તે કયા ક્ષેત્રમાં કચાશ ધરાવે છે ? આ બાબતનો ખ્યાલ ત્યારે જ આવી શકે કે જયારે શાળાઓમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની વ્યવસ્થા હોય. સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓએ દરેક પ્રકરણને અંતે બાળકની ચકાસણી કરીને તેનું યોગ્ય નિદાન કરીને ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવું જોઈએ.

### ૧૦ . કર્મચારીઓની તાલીમી સગવડ અને ક્ષમતાનો વિકાસ

સ્વનિર્ભર સંસ્થામાં અભ્યાસ કરતા બાળકોને સારું શિક્ષણ મળી રહે તે માટે કર્મચારીઓને પોતાના વિષયની તાલીમી સગવડો સમયાન્તરે મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. આ ઉપરાંત કર્મચારીઓએ પણ પોતાના

વિષયમાં આવતા વિવિધ પરિવર્તનોથી સતત વાકેફ રહેવું જોઈએ. જેથી તે બાળકોને તેની જાણકારી આપી શકે. કર્મચારીઓની ક્ષમતાના વિકાસ માટે તેમની યોગ્ય તકો પૂરી પાડવી જોઈએ. તે માટે જે તે કાર્યક્રમ સંચાલનની જવાબદારી તેમને સોંપવી જોઈએ.

**૧૧ . કારકિર્દી મેળાઓનું આયોજન**

સ્વનિર્ભર સંસ્થાઓએ પોતાની સંસ્થામાં અભ્યાસપૂર્ણ કરીને બહાર પડનાર યોગ્ય લાયકાત ધરાવતા યુવાનને સારી જગ્યાએ નોકરી મળી રહે તે માટે કારકિર્દી મેળાઓનું આયોજન પોતાની સંસ્થામાં કરવું જોઈએ. ખાસ કરીને ટેકનીકલ અને ઈજનેરી સંસ્થામાં આનું વિશે મહત્વ છે. તેના પરિણામે લાયકાત ધરાવતા યુવકને યોગ્ય સંસ્થામાં નોકરી મળી શકે અને તેની અસર અન્ય વિદ્યાર્થીઓ ઉપર પણ પડશે. પરિણામે તે બાળકો પણ પોતાના વિષયમાં નિપુણતા મેળવવા પ્રયત્નશીલ રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની ચકાસણીનો કાર્યક્રમ અને તરૂણાવસ્થામાં પ્રવેશતા બાળકો માટે જાતીય શિક્ષણ અને માર્ગદર્શન મળી રહે તેની વ્યવસ્થા પણ કરવી જોઈએ.

**૧ ૨. ઉપસંહાર**

આમ પોતાની સંસ્થામાં અભ્યાસ કરતાં બાળકને યોગ્ય શિક્ષણ મળી રહે, પોતાના વિષયમાં નિપુણ બનીને બહાર નીકળે તેની જવાબદારી સ્વનિર્ભર સંસ્થાના શીરે છે. બાકી સ્વનિર્ભર સંસ્થાઓ તો ઘણી ખુલી છે જે બાળકો અને કર્મચારીઓને વિવિધ પ્રકારની સુવિધાઓ આપવાના પોકળ દાવાઓ કરે છે. આવી સંસ્થાઓના નીચેના માળે કયાંક ચાની દુકાન હોય, દવાખાનુ હોય, સાડીઓની દુકાન હોય, કયાંક ભીડભાડવાળા બજારની અંદર હોય, જયાં લોકોના બૂમબરાડા અને વાહનોહોર્નની વચ્ચે શિક્ષણ કાર્ય ચાલતું હોય ત્યાં બાળકોની તકેદારી અને ગુણવત્તા કયાંથી હોય ? સરકાર અને યુનિવર્સિટીઓએ પણ આમાં હસ્તક્ષેપ કરીને આવી સંસ્થા માટે મંજૂરી લેવા આવતા સંચાલકો પાસે પોતાનું મુકત વાતાવરણમાં,યોગ્ય હવાઉજાસવાળુ મકાન હોય તેને જ મંજૂરી મળી રહે તેની જોગવાઈ કરવી જોઈએ.

**સંદર્ભસૂચિ**

૧.રાવલ, નટુભાઈ વી. (૨૦૧૩), માધ્યમિક શિક્ષણનો વિકાસ, પાટણ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

૨.________. (૨૦૧૩), માધ્યમિક શિક્ષણનો વ્યવસ્થાપન, પાટણ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી